## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 40

આશાજી એવા સેહેનમાંહેજ તો આવો, જો તમે સતે ચાલોજી;
મનગમતા તમે ફલજ લેશો, લેશો શાહુને હાથ. હરી૦ (૪૮૮)

આશાજી સીરછત્ર શાહ આપે રચાવે, ધરમીને હેઠ બેસાડેજી;
ધરમી જે કોઇ ધરમજ જાણે, પાપ ન કરે લગાર. હરી૦ (૪૮૯)

આશાજી કલજુગમાંહે પાપ અતી વરત્યા, તે માંહે ધરમ રાખોજી;
એક દેશો તેના બહુ ફલ લેશો, સહુથી ઉતમ કહેવાય. હરી.(૪૯૦)

આશાજી અંતકાળમાંહે તમે છો રાજા, હુમ હું તેરા દાસજી;
તે વેલામાંહે સંભાલીને લેજો, હાથીણું દઇને તારો. હરી૦ (૪૯૧)

આશાજી કંઇ જીવ ત્યાં ભુલી જાશે, તે માંહે કોણ સંભારેજી;
ચીત દઇને મહેરજ રાખો, હુમઇ તેરા દાસ. હરી૦ (૪૯૨)

આશાજી મહેર કરો મોરા સામી, દયા કરી ઉગારોજી;
વનમાંહે અમે એકલા રહેતે, તે વન સરવે તારો. હરી૦ (૪૯૩)

આશાજી તમ દીઠે વન મોરી ચાલે, ચાલે સરવે સાથેજી;
નજર કરતા સરવેઇ ચાલે, ચાલે સરગ પરીવાર. હરી૦ (૪૯૪)

## Day 40 (continued)

આશાજી હમ બંદા હમકુી વીનવું, હમ તેરી ફરીયાદજી;
કાચી પાકી સરવે તરો, તે તમે ઉગારો. હરી૦ (૪૯૫)

આશાજી રેતમાંહે હીરા બેઠા, તેનો મુલ ન જાણુંજી,
પારખું હાથે જઈને પચા, તબ હુઆ હીરા લાલ. હરી૦ (૪૯૬)

આશાજી હમ સો રેત તમસેઃ હીરા, ઉસમે પારખું કોણજી;
નજર તમારી મહેરકી હોવે, તો ભરમા સુણાવે જ્ઞાન. હરી૦ (૪૯૭)

આશાજી તમે પારખુ તમે હીરા, હમ સો કુછ નાંહીજી;
સીસું સોધી રૂપું કરવું, કરો સો આપોહી આપ. હરી૦ (૪૯૮)

આશાજી તમેહી માતા તમેહી પીતા, તમેહી મોરા સામીજી;
સીરબંધ તમે બાંધો મોરા સામી, અણતકો ભાર ઉઠાયે.
હરી૦ (૪૯૯)

આશાજી અણતકો ભાર સરવેઇ પાયો, હક સાચ પીછાણોજી;
પીર હસન કબીરદીન ગુર એમહી બોલ્યા, બોલ્યા તે સાચોઇ સાચ.
હરી અનત અનંત હરી અનંતેજો સામી શાહ અનતેંજો અંત
તુંહી જાણેજી; (૫૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)